RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-07
July-2019

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[Peer Reviewed Journal]

# પ્રયોગશીલ નવલકથાઃ ટાઇમબોમ્બ

ડો. પંકજ આર. પટેલ
આસી. પ્રોફેસર, ગુજરાતી, આર્ટસ કોલેજ, ભીલડી

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online:* 15 July 2019

**Keywords**
*વૈશ્વિક પરિસ્થિતિ, અસ્તિત્વવાદી, પરિવર્તન, ટેકનિક, પરાવાસ્તવદર્શી*

**ABSTRACT**

*ઇ.સ. ૧૮૬૬માં 'કરણઘેલો' ના સર્જનથી શરૂ થયેલી ગુજરાતી નવલકથાની વિકાસયાત્રામાં 'સરસ્વતીચંદ્ર' , 'ભદ્રંભદ્ર' , 'ગુજરાતનો નાથ' , 'દિવ્યચક્ષુ' , 'સોરઠ તારાં વહેતા પાણી' , 'મળેલા જીવ' , 'માનવીની ભવાઇ' , 'જનમટીપ' , 'ઝેર તો પીધાં છે જાણી જાણી' એમ અનેક સીમાચિહ્નરૂપ કૃતિઓ સર્જાઇ.*

*આ કૃતિઓએ જીવનમૂલ્યોનું જતન-સંવર્ધન, સામાજિક ્ને સંતર્પક કથારસને મુખ્યત્વે કેન્દ્રમાં રાખ્યો. ગોવર્ધનરામ ત્રિપાઠી, રમણભાઇ નીલકંઠ, કનૈયાલાલ મુનશી, રમણલાલ દેસાઇ, ઝવેરચંદ મેઘાણી, પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા, ગુણવંતરાય આચાર્ય, દર્શક વગેરેએ પોતાની આગવી કથનશૈલી દ્વારા કથાસાહિત્યને સમૃદ્ધ કર્યું.*

ઇ.સ. ૧૯૫૫માં સુરેશ જોષીએ 'નવલકથાનો નાભિશ્વાસ' ચાલી રહ્યો છે એમ કહીને નવલકથાના રચનાવિધાન પરત્વે ઊહાપોહ જગાવ્યો . સર્જકને સાહિત્યિક ગદ્ય પરત્વે સભાન પૂર્વે સ્થૂળ અને મનોરંજક ઘટનાઓની ભરમાર દ્વારા થતી કથારસની માવજત પ્રત્યે અવાજ ઉઠાવ્યો કથા સાહિત્યની સ્થાપિત વિભાવનાની સામે નવી નવલકથાના નમૂના લેખે 'છિન્નપત્ર' અને 'મરણોત્તર' નામે કૃતિઓ પણ આપી, નૂતન વૈચારિક આંદોલનો, બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિ, યંત્ર સંસ્કૃતિની ભીંસ , મૂલ્યહ્રાસ જેવાં અનેક પરિબળો એકસાથે સક્રિય બનતાં , સમગ્ર સાહિત્યજગતમાં વિષયવસ્તુ , દ્રષ્ટિકોણ અને અભિવ્યક્તિ પરત્વે પરિવર્તનનો પવન ફૂંકાયો . એના પ્રભાવ હેઠળ આધુનિક નવલકથામાં અસ્તિત્વવાદી કટોકટીમાં જીવતી પાત્રસૃષ્ટિ , આંતરચેતના પ્રવાહની અભિવ્યક્તિ , વસ્તુનિરૂપણ તથા વસ્તુગુંફનની ટેકનિકનું વૈવિધ્ય તથા પ્રયોગપરાયણતા પ્રગટવા લાગ્યાં . મનોવૈજ્ઞાનિક અભિગમને લીધે સંકુલ મનોવ્યાપારોના આલેખન પરત્વે સર્જક સભાન બન્યો. પરાવાસ્તવદર્શી સ્વપ્ન , કપોલકલ્પિત આવા આશ્રય લેવાવા લાગ્યો. ભાષાની વ્યંજકશક્તિ, પ્રતીકાત્મકતાનો આધાર લઇને આધુનિક નવલકથા સામાજિક સંદર્ભથી અલગ વૈયક્તિકતા કેળવી પાત્રના ચૈતસિક વાસ્તવને તાગવાની મથામણ કરવા લાગી . 'આકાર', 'અમૃતા', 'ચહેરા', 'અસ્તી', 'નિશાચક્ર', 'નાઇટમેર' વગેરે અનેક કૃતિઓમાં આધુનિકતાના આવા વલણો પ્રગટવા લાગ્યં . ચંદ્રકાન્ત બક્ષી, રઘુવીર ચૌધરી, મધુ રાય, શ્રીકાંત શાહ, મુકુન્દ પરીખ, રાધેશ્યામ શર્મા લાભશંકર ઠાકર, જ્યોતિષ જાની , કિશોર જાદવ , વિનેશ અંતાણી , સરોજ પાઠક વગેરે પાસેથી આ પ્રકારની આધુનિકતાનું આલેખન કરતી કૃતિઓ મળતી રહી.

આ આધુનિક સમયમાં સરોજ પાઠક , ધીરુબહેન પટેલ, કુન્દનિકા કાપડિયા, વર્ષા અડાલજા, ઇલા આરબ મહેતા , લિપિ કોઠારી, તરુલતા મહેતા, હિમાંશી શેલત જેવી કેટલીક નોંધપાત્ર નારીકલમો પણ સક્રિય થયેલી જોવા મળે છે . એમાં બે બળવાન અવાજો આગળ તરી આવે છે . ધીરબહેન પટેલ અને સરોજ પાઠક, 'વાંસનો અંકુર', 'વાવંટોળ', 'આંધળી ગાડી' જેવી સમર્થ કૃતિઓ દ્વારા ધીરુબહેન પટેલે પડકારૂપે વિષયસ્તુની કલાત્મક મનોવૈજ્ઞાનિક માવજત કરીને પ્રભાવક સર્જન કરે છે . પરંપરા કે આધુનિકતાનો આગ્રહ રાખ્યા વિના આગવી કથાશૈલી દ્વારા તેજસ્વી સર્જકોમાં ગણના પામે છે . જ્યારે સરોજ પાઠક ઉચ્છેદ્યા વિના, તેનો છોછ રાખ્યા વિના પ્રયોગશીલતાને આધુનિક વલણોને સહજ રીતે આત્મસાત કરીને પોતીકો માર્ગ રચે છે . ભાષાને કૃતક બનાવ્યા વિના આધુનિક સંવેદનને આકારિત કરે છે. પ્રથમ નવલકથા 'નાઇટમેર' થી જ તેઓ આધુનિક નવલકથાકારોમાં સફળ, સિદ્ધહસ્ત સર્જક તરીકે પોતાનું આગવું સ્થાન મેળવી લે છે.

સશક્ત કલમનાં સ્વામિની એવાં સરોજ પાઠક હંમેશાં પડકાર ફેંકતા વિષયવસ્તુ સાથે કામ પાડે છે . એની મનોવૈજ્ઞાનિક અભિગમથી માવજત કરે છે અને પૂરી કલાસૂઝથી એ પડકારને સાદ્યંત ઝીલી બતાવે છે . 'નાઇટમેર' માં એમણે એક જ ઘરમાં દુઃસ્વપ્નના ઓથાર તળે જીવવા મજબૂર બે પુરૂષ અને સ્ત્રીની વિલક્ષણ પરિસ્થિતિ કલ્પીને એમની ભીતરી ઊથલપાથલનું ઝીણવટભર્યું નકશીકામ કર્યું છે . નિઃશેષમાં પણ

RRIJM 2015, All Rights Reserved

છે તો બે પુરુષ અને એક સ્ત્રીનો ત્રિકોણ , પણ એ પ્રણયત્રિકોણ નથી. એમાં પ્રિયજન દ્વારા અવમાનિત નારીહૃદયની એના પોતાનાથીય અજાણ એવી સુકોમળ બાજુને ઉપસાવવાનો સફળ પુરૂષાર્થ છે. 'પ્રિય પૂનમ' માં અતીતના ઓથાર તળે કચડાતા કામી પુરુષની માનસિકતાને મધ્યમવર્ગીય દામ્પત્યજીવનની પડછે વાચા અપાઇ છે . 'ઉપનાયક' માં સ્ત્રી -પુરુષ સંબંધોના વિશિષ્ટ નિરૂપણની સમાંતરે નાયકના જીવનના વિવિધ રૂપાંતરોનું આલેખન છે.

**દામ્પત્યજીવનઃ વૈયક્તિકત ને ચૌતસિક સ્તરે આલેખતી કૃતિઃ**

'ટાઇમબોમ્બ'માં પ્રૌઢ દામ્પત્યજીવનમાં લગ્નેત્તર સંબંધે સર્જેલી ઊથલપાથલ વૈયક્તિક અને ચૈતસિક સ્તર પર આલેખાય છે . તો 'લિખિતંગ' અનાથાવસ્થામાં આવી પડેલાં ભાઇ-બહેનની પિતૃખોજની કથા છે . લાક્ષણિક અંતને વરેલી આ તમામ કૃતિઓનાં પાત્રોનાં મનોગત સંચલનો પર લેખિકાનો મુખ્ય ઝોક રહ્યો છે . માનવીના અંતસ્તલના સૌંદર્ય કે સંઘર્ષને આલેખીને તેઓ આગવું ભાવવિશ્વ રચે છે . એમાં સહજ રીતે ફ્લેશબેકની ટેકનિક કેલિડોસ્કોપિક ટેકનિક , ઇમેજરી, સંવાદો, એકોક્તિ – સ્વગતોક્તિ , કોલાજ જેવી વિવિધ આધુનિક પ્રયુક્તિઓનો આશ્રય લઇ પોતીકી રીતે તેની માવજત કરે છે . પાત્રાનુરૂપ બળવાન સંવાદો , નાટ્યાત્મકતા, વેગીલું ગદ્ય અને મનોવૈજ્ઞાનિક અભિગમ એમની નવલકથાઓની આગવી તરી આવતી લાક્ષણિકતાઓ બને છે .( એમની અધૂરી રહેલી નવલકથા 'ગ્રીન રૂમ' રમેશ મોદીએ પૂરી કરી અને તે 'મન નામે મહાસાગર' શીર્ષક હેઠળ પ્રકાશિત થઇ.)

**લેખિકાની કેફિયતઃ**

'ટાઇમબોમ્બ' ની કેફિયતમાં તેઓ જણાવે છે કે આ નવલકથામાં મેં છૂટાછેડાની ધારે તોળાઇ રહેલું યુગલ કલ્પ્યું છે . બાળકીને હળવી ખોડવાળી કલ્પીને કથા જરા જુદી રીતે વર્ણવવાનો પ્રયાસ કર્યો છે . કૃતિમાં પોતે શું કરવા ધારે છે તે અંગે તેઓ સ્પષ્ટ છે. વસ્તુની મર્યાદા અંગે પણ સભાન છે. તેઓ કહે છે, "દામ્પત્ય વચ્ચે ત્રીજી વ્યક્તિ , છૂટાછેડા અને સંતાનની સમસ્યા એ કાંઇ નવો પ્રશ્ન નથી . અહીં પ્રણયત્રિકોણ ખરો, પણ તે ચીલાચાલુ સ્વરૂપનો નહીં , જરા નવી દૃષ્ટિવાળો અને નવા સંદર્ભમાં, "Some Fun" અને "Some One" ઉપસ્થિતિવાળા દામ્પત્યના સંઘર્ષનો આવી કથાની પસંદગી પાછળ તેઓ બે કારણો દર્શાવે છેઃ "મારી અન્ય કથાઓથી ભિન્ન રીતે એમાં મનોવ્યાપારો ગૌણ સ્થાને રહે " અને "મારી પૂર્વપ્રયુક્ત અભિવ્યક્તિની તરાહ બદલવાની ઇચ્છા ." એક પ્રતિભાશાળી સર્જકની સર્જકતા સદા જીવંત રહેવાના , એના સર્જનમાં હંમેશાં નવા નવાં આવિષ્કરણો પ્રત્યેના સજાગતા પ્રગટવાની.

**વસ્તુ સંયોજનઃ**

નવલકથામાં સ્થૂળ રીતે એક પ્રણયત્રિકોણ રચાય છે. બે સ્ત્રી, એક પુરુષ ને સાત વર્ષની દીકરી તૂલીના મા -બાપ – પ્રસન્ન દંપતી વૃંદા – સ્વરૂપના જીવનમાં એક ત્રીજું પાત્ર પ્રવેશે છે . લીના યાને લવલી લીનાનું . એ અપ્રમાણિત આધુનકિ મુક્ત જીવનની હિમાયતી છે. એને કારણે સ્ત્રી-પુરુષ સંબંધની લાક્ષણિક સંકુલતા સર્જાય છે અને પ્રણયત્રિકોણ ચીલાચાલુ રહેતો નથી . લીનાનો સ્વરૂપ સાથેનો સંબંધ જાતીય જીવન પૂરતો મર્યાદિત છે. તેને Some fun માટે Some One થી તેટલી ક્ષણો પૂરતી જ જરૂરિયાત છે. તેથી તેના હૃદયમાં સ્વરૂપ સાથે કોઇ લાગણીના તંતુ જોડાતો નથી . સ્વરૂપના પરિણીત હોવા સામે , પિતા હોવા સામે કે સુંદર સુશીલ પત્નીના સ્વામી હોવા સામે એને કોઇ વાંધો નથી. તેથી લીનાના સંદર્ભે કોઇ ત્રિકોણ રચાતો નથી . પરંતુ સ્વરૂપ અને વૃંદાના સંદર્ભે તેમ બનતું નથી , સ્વરૂપ લીના સાથે શરીરસંબંધે જ નહીં , પણ એકપક્ષી પ્રેમથીય જોડાયેલો છે . તે સાથે વૃંદા પ્રત્યે પણ તેને લાગણી છે . વૃંદા અને દીકરી પ્રત્યેની પોતાની ફરજ એ સમજે છે . અપરાધભાવ અનુભવે છે , પરંતુ લીનાના સંબંધમાં વિવશ છે . આથી જ કોકડું ગૂંચવાય છે . ગુણિયલ ગૃહિણી વૃંદા માટે પતિનો ક્ષણેક્ષણનો સાથ સ્વાભાવિક અને અનિવાર્ય છે . પતિની બેવફાઇ એને મન અસહ્ય છે . પતિપ્રેમ, ફોઇબાની આકાંક્ષાઓ , તૂલીની જરૂરિયાત અને સમાજવ્યવસ્થા એને પતિથી છૂટાં થાતં રોકે છે . એક જડ ચોકઠામાં પૂરી દે છે.

કથાનાં બે નારી પાત્રોનાં ચરિત્ર આત્યંતિકતાએ પરસ્પરથી વિરૂદ્ધ છે . વૃંદા પરંપરાગત પ્રતિષ્ઠામાં જીવતી સુલક્ષણા નારી છે. તો લીના મુક્ત, ઉચ્છૃંખલ – ઉદ્દંડ આધુનિકા છે. એક વાર સંવેદનશીલતા ધરાવે છે તો અન્ય તીવ્ર બુદ્ધિવાદીને પાત્રોને લેખિકાએ છેક અંતે પ્રત્યક્ષ રીતે સામસામે મૂક્યાં છે . એક વિચિત્ર પરિસ્થિતિમાં જ્યાં તણખા ઝરવાને અવકાશ નથી આ વિભિન્ન નારીત્વ સાથે સંકળાયેલ સ્વરૂપ આમ તો જે કંિ કરે છે તે સમજપૂર્વક કરે છે , પણ લીનાનું દર્નિવાર ખેંચાણ એ ખાળી શકતા નથી . સંબંધો, માનવીની વિલક્ષણતા અને મજબુર પરિસ્થિતિની ભીંસ વચ્ચે વસ્તુ વિસ્તરેલું છે.

નવલકથાના બે આધારસ્તંભ છે – વસ્તુઆયોજન અને ચરિત્રચિત્રણ, કથાનું ચણતર અહીં જોગાનુજોગ થતા અકસ્માતના પાયા પર થયેલું છે . પડકાર ઝીલવા સતત ઉદ્યત લેખિતાએ જાણી કરીને એવું આયોજન કર્યું જણાય છે . કેમ કે

RRIJM 2015, All Rights Reserved 

કથા સંદર્ભે એ ગૌણ બાબત છે. ઘટનાઓ જોગાનુજોગ સમાતરને બદલે આગળપાછળ બંને તો પણ કૃતિને કશો વાંધો આવે એમ લાગતું નથી. "ગમે ત્યારે ગતે તે થઇ શકે " એવા જીવનના તકલાદીપણાને એ નિર્દેશે છે.

કથાનો આરંભ નાયક -નાયિકા સ્વરૂપ – વૃંદાની સાત વર્ષની તોતડાતી દીકરી તૂલીને ફોઇબાના ગામની રેસિડેન્શિયલ શાળામાં મૂક્યાની વિગતથી થાય છે . દામ્પત્યના સમથળ જણાતા પ્રવાહમાં એકાએક વિધ્ન આવે છે . ટાઇમબોમ્બ ફૂટે છે . ટેલિફોન રણકે છે અને વૃંદાને સંદેશો મળે છે કે મિ . મહેતાએ નોંધાવેલો મદ્રાસી નંગનો હાર તૈયાર થઇ ગયો છે . સ્વરૂપે તે નોંધાવ્યો ત્યારે સાથે પોતે નહી, કોઇ બીજી સ્ત્રી હતી ! આ ઘટના વૃંદાના ચિત્તમાં ઉલ્કાપાત સર્જે છે . જોગાનુજોગ એવો છે કે વેપારીએ સ્વરૂપે આપેલા નંબર પર જવાબ ન મળતાં ડિરેક્ટરીમાં નંબર શોધી ફોન કર્યો છે . આવી તકલીફ વેપારી લે ? કે એક-બે દિવસ રાહ જોઇ ફરી ફોન કરે ? આ અંકોડો ઢીલો રહી ગયો છે. અલબત્ત સહેજ સતર્કતાથી એ મજબૂત કરી શકાયો હોત એ જ રીતે ફોઇબાનું સ્વપ્ન , આગંતુક, તાલમેલિયું અને નિવાર્ય લાગે છે.

ફોઇબાને ગામથી અને ત્યાંથી પુનઃ શહેર – વૃંદાના હવે પછીના આવનજાવનની સ્થૂળ ઘટનાઓના દોર પર એની સંક્ષુબ્ધતા અને ભીતરી ખળભળાટને લેખિકા કુશળતાથી આલેખતાં જાય છે. પાર્શ્વપ્રકાશની રીતે આ દરમિયાન અતીતનાં સુંવાળાં, રુક્ષ સંસ્મરણો – તારણ ઝળખતાં લાગે છે . બરાબર એની સમાંતરે લીના -સ્વરૂપના જાતીય જીવનનું ધીટ -ધૃષ્ટ સંવાદકેન્દ્રી આલેખન થતું રહે છે . ઘણું ખરું તો તે પાર્શ્વપ્રકાશની રીતે સ્વરૂપમાં વિચારસંક્રમણમાં ભજવાતું રહે છે . એમાં લીનાનું સ્વાતંત્ર્ય, ધીટતા – ઉચ્છૃંખલતા અને સ્વરૂપની કામકુતા – વિવશતા સામસામાં તોળાતાં રહે છે . એમાં જ સ્વરૂપના ચિત્તની સંકુલતાનાં પ ડ પણ ખૂલે છે . 'આ અફેરનો અંત છે જ .' એવો ટાઇમબોમ્બ દર મુલાકાતે સામે ધરીને જ વાત કરતી , પોતાના ફેમિલીની વાત પૂછી અધવચ્ચે જ 'સ્ટોપ ઇટ ' કરીને તોડી પાડતી લીના, તૂલીની સ્ટેમ્પરિંગની સમસ્યા, તેની અને લીનાની આંખના તપખીરી રંગની પોતાનાથી થઇ જતી તુલના અને લીનાના ફાધર કોમ્પ્લેક્સનો ઝટકો .... ઉભયના કામુક સંવાદોની બરછટતા સંબંધની રુક્ષતા ખોલી આપે છે . એ રીતે વસ્તુમાં નવીનતા પ્રગટે છે , આધુનિકતા પ્રવેશે છે . લેખિકા પોતાના જમાનાથી ઘણમાં આગળ છે . ગુજરાતી નવલકથામાં આ સમસ્યા આ રીતે ચર્ચાઇ નથી . સ્ત્રી-પુરુષના જાતીય સંબંધની બરછટતા, બીભત્સના ને નિર્ભીક – ઉદંડ સંવાદો દ્વારા આલેખવાનું કામ મોટો પડકાર માગી લે તેવું છે . સરોજ પાઠક એ સક્ષમ રીતે ઝીલે છે અને કરુણની સામે બીભત્સ દ્વારા નવું પરિણામ આપે છે.

લીનાના ઝઘડાથી આહત, પણ વહેલો પહોંચતાં વૃદાંનો સીધો સામનો નહીં કરવો પડે અને એ રીતે અપરાધભાવ નહીં અનુભવવો પડે એવા આશ્વાસન સાથે ઘરે પહોંચેલા સ્વરૂપના જીવનમાં એકસાથે જોગાનુજોગ કેટકેટલું અઘટિત ઘટી જાય છે.

એક જ દિવસે લીનાએ ફાધર કોમ્પ્લેક્સનો ફટકો માર્યો છે.

એ જ દિવસે હંમેશ મુજબ બેડરૂપનું બારણું બંધ કરીને બેસવાને બદલે વૃંદા રસોડામાં ઓટાફેરા મારે છે અને એનો સીધો સામનો કરવાનો હોય છે.

એ જ દિવસે વૃંદા મોટો ઝઘડો કરે છે અને પોતાના અવૈધ સંબંધ પ્રત્યે ધારદાર ઇશારો કરે છે.

એ જ દિવસે રાત્રે ત્રણ વાગ્યે ઝઘડો પરાકાષ્ઠાએ પહોંચ્યો અને વૃંદા ટાઇમબોમ્બ ફોડે છે પહેલાં જ ફોઇબાની ગંભીર માંદગીનો ફોન રણકે છે ! તલવાર તોળાયેલી રહે છે.

ફોઇબાની માંદગી અને મૃત્યુ , પિતાનાં વ્યવહાર અંગે તુલાના ચિત્તમાં ઊઠેલી આશંકા , તેનું વધુ તોતડાવું અને પુનઃ શાળાગમન પરિસ્થિતિ વધુ વિકટ બનતી જાય છે . સતત કટોકટીની ધાર પર વસ્તુ તોળાય છે. 'અફેરનો અંત' ના ઓથાર તળે જીવતા નાયકના હૃદય પર વૃંદાનો 'ના, મારી વાત હજી બાકી છે' – ટાઇમબોમ્બ પણ ઝળૂંબી રહ્યો છે.

'સચ અને નાઇસ પ્લે !' ની તૃપ્તિ માણ્યા પછી ઘરે આવેલા નાયકને વૃંદા ખરેખર 'બાકી વાત ' માટે બેસાડે છે . સ્વરૂપ વધું સાંભળે છે , સાથે પરકિયાગમન કરનારની સ્ત્રીની દશા વિશેના લીનાના કટાક્ષો તેને સાંભે છે . એ રીતે સ્ત્રીપુરુષ સંબંધનાં તથ્યો પ્રગટ થતાં જાય છે . આ સઘળું પણ સ્વરૂપના ચિત્તમાં જ ભજવાય છે , સ્મૃતિરૂપે લેખિકા જાણે સ્વરૂપના માનસપટ પર અહીં વૃંદા અને લીનાને સાથે સાથે મૂકી આપે છે અને એ એમ ઉભયના વ્યક્તિત્વને નાટક દ્વારા જ ઊપસાવે છે . ચરિત્ર-ચિત્રણની આ કુશળતા જ બાજી જિતાડે છે.

કથાના અંકોડા મજબૂત કરવા માટે લેખિકા જે કેટલાક આધારો લે છે તેમાંનો એક આધાર જે જવાલાપ્રાસાદનો દાંપત્યકલહની સૂચનાવાળો અને સાથે ભયસૂચક સૂચનાવાળો પત્ર વૃંદાના ચરિત્રગઠન અને કથાના અંતની પ્રતીતિ કરવા માટે તે ઉપકારક બને છે . પત્રના માધ્યમથી વૃંદા સ્વરૂપના મોંમાં આંગળાં નાંખીને બોલાવવાની તક ઝડપે છે અને સ્વરૂપ 'એક છોકરી છે 'ની કબૂલાત આપે છે . સાથે અલ્ટીમેટમ પણ આપે છેઃ

"હું જાણું છું કે હું અપરાધી છું . આ રીતે બાંચ ચડાવવી હોય તો ચાલ જોઉ, હું આ ક્ષણે જ પહેર્યે કપડે ઘર છોડી જાઉં , પણ જ્વાલાપ્રસાદનો પત્ર , તૂલીની ચિંતા, આપણે બંને લાચાર છીએ...."

સ્વરૂપ વૃંદાની ધારણા બહાર એને આળા ભાગ પર ફટકો મારી બેસે છે . એ ભાંગી પડે છે . વૃંદાની આ અવસ્થાનો ચિતાર થોડા કથન અને થોડી ચેષ્ટાઓ દ્વારા અસરકારક રીતે અપાયો છે. નારીહૃદયના બહુ જ નાજુક ખૂણાને લેખિકાએ માર્મિક રીતે અહીં પ્રકાશિત કર્યો છે. સ્વરૂપ જુએ છે વૃંદાની દુર્દશા.

"પોતાની અભિજાત, સ્વમાની સ્ત્રીની તેણે કેવી અવદશા કરી મૂકી હતી ! તતડેલી શ્યામ ચામડી , અસ્તવ્યસ્ત વાળ , આંસુથી સૂજેલી આંખો , તરડાયેલો અણધડ , ઘરેલું બૈરાં જેવો ચહેરો, હિસ્ટીરિક બનવાની હદે એ પહોંચી ગઇ છે . સાથે તે પોતાની મજબૂરી પણ સ્પષ્ટ કરે છે."

"જાણે હું કોઇ વશીકરણ મંત્રમાં આવી ગયો છું .... મારી નસોમાં એ કેફનું ઝેર ચડી ગયું છે . એ છોકરીનું ખેંચાણ એટલે જાણે મોટી ઉંમરે જન્મેલું સંતાન !.... તેની માયા કેવી લાગી જાય ? એમ સાવ નાદાન એક સ્માર્ટ યુવાન છોકરીના ચકરડામાં હું પકડાઇ ગયો છું."

વૃંદા નહીં અહીંની , નહીંત્યાંની જેવી રઘવાઇ થઇ ગઇ છે. શરીરસંબંધ નહીં, પણ તૂલીને આઘાત આપવાનો નહીં..... નો નિર્ધાર છતાં 'લોહીમાંથી ઝેર નીકળી જશે ' ની સ્વરૂપે બંધાવેલી આસાયેશ અને 'વીશફૂલ થિંકિંગ ' જ જણાય છે . તેની નબળાઇ એ છે કે તે સ્વરૂપને દુઃખી જોઇ શકતી નથી . 'ગજબની પર્સનાલિટી', 'અસહ્ય ઇન્વોલ્વમેન્ટ ' ની તેની પ્રાથમિક છતાં નિર્લજ્જ કબૂલાત વૃંદાને સાફ પ્રતીતિ કરાવે છે . 'અફેર ખતમ થા, પણ સ્વરૂપ તો ડેઝટેન્ડ હસબન્ડ.'

ઘવાયેલા સ્ત્રીત્વનો બોજ ઉપાડીને 'સંબંધહીન', 'સંદર્ભહીન' બનીને 'નચિંત પાઠ ' ભજવવાનો આવ્યો છે ત્યારે મુખ્યત્વે પ્રસંગ અને કથનને આવ્યું છે . વૃંદાના મનોજગતના વર્ણન – કથન – સંવાદ બધું એકમેક સાથે રસાઇને આવે છે અને પાત્રની સંવેદના સાથે ભાવકહૃદયનો તાર જોડે છે . તેથી ઘા પાત્ર જ નથી ઝીલતું , તેની સાથે સંડોવાતા ભાવકના હૃદય પર પ ણ લોહિયાળ ચિરાડા પડતા રહે છે તે આ ભાષાસામર્થ્યને પ્રતાપ – એમાં વચમાં વચમાં અંગ્રેજી શબ્દો , વાક્યખંડો, વાક્યો પણ પાત્ર અને વાતાવરણને અનુરૂપ સહજ રીતે ગોઠવાઇ ગયાં છે. સરોજ પાઠકની આગવી ગદ્યશૈલી છે . વિગતે, ઠરીઠામ થઇને એ વર્ણન – કથન કરતાં નથી . લાંબાલચ વર્ણન – કથન દ્વારા વલાળા કરતાં નથી, ભાવકની ભાવુકાતને ઉત્તેજિત કરતાં નથી . શબ્દથી ચાલે તો વાક્ય ન લખે , વાક્યો અધૂરાં છોડે અને કલ્પનાને ઉત્તેજે, તંગ પણછ પર શબ્દબાણ તાકેલું રાખે અને અચૂક નિશાન વીંધે, એ ધારદાર, લાઘવપૂર્ણ અને સચોટ ગદ્યનાં સ્વામિની છે, એમાં ધસમસતા પ્રબળ પૂરનો આવેગ છે , એમાં પૂર્વ આયોજન નહિ , પણ સહજ સ્વયંભૂ પ્રાગટયનું પ્રચલન પ્રતીત થતું રહે છે, લાગણીના ઉત્કટ ઉછાળામાં અભિષિક્ત આવું ભાષાપોત એકમાત્ર રાવજી પટેલમાં જોવા મળ્યું હતું.